**ક્રિમી.પર.અ.નં.૨૫૮/૨૦૨૬.**

**ઓલપાડ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૬–૦૯૨૪/૨૦૨૬ ના કામે અરજદાર રાવલ કાલીદિન ભલ્લુ, રહે. ૩૮૨, મહેક–૨ રેસીડન્સી, વ્રજ વિહાર ઈડ રોડ, સિવાણ, તા.ઓલપાડ, જી.સુરતનાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

------------------------------------

**–:: આંક–૧ લગત હુકમ ::–**

સદર અરજી અરજદાર **રાવલ કાલીદિન ભલ્લુ, રહે. ૩૮૨, મહેક–૨ રેસીડન્સી, વ્રજ વિહાર ઈડ રોડ, સિવાણ, તા.ઓલપાડ, જી.સુરત**ઓનો મુદ્દામાલ વાહન **BAJAJ AUTO LTD** જે **BAJAJ RE CNG 4S FI** કંપનીની કે જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-CV-7154** છે તથા ચેસીસ નં. **MD2B47XXPWE59672** છે તથા એન્જીન નં. **AZXWPE09812** છે તે મુદ્દામાલ **ઓલપાડ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૬–૦૯૨૪/૨૦૨૬** ના કામે ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૦૫ (એ), ૩૩૧ (૩), ૩૩૧ (૪), ૫૪ મુજબના ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે, તે કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમા મેળવવા બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ અન્વયે કરેલી છે.

સદર અરજી લગત ઓલપાડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીનો અભિપ્રાય, મુદ્દામાલ પાવતી સાથે મંગાવતા ત.ક. અમલદારશ્રીએ તેમનો અભિપ્રાય સદર મુદ્દામાલ અરજદારને પરત નહી સોંપવાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

અરજદારના વિ.વકીલશ્રી જે.સી.પટેલ તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

અરજદારના વિ.વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, સદર મુદ્દામાલ વાહન અરજદારની માલીકીનો છે. સદર મુદ્દામાલ ઓલપાડ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં છે. સદર મુદ્દામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં અને જાળવણી વિના પડી રહે તો સદર વાહનના સ્પેર પાર્ટસ, ટાયર–ટ્યુબ તથા ઈલેકટ્રોનીક પાર્ટસને નુકશાન થાય તેમ છે તથા સદર

મુદ્દામાલ વિના અરજદારને રોજબરોજના કામકાજ માટે ખુબ જ તકલીફ વેઠવી પડે તેમ છે તથા અરજદારને આર્થિક નુકશાન સહન કરવુ પડે તેમ છે.

અરજદાર તરફે તેઓનો મુદ્દામાલ હોવા સંબંધે રજુ કરેલ દસ્તાવેજોમાં એફ.આઈ.આર.ની નકલ, વાહનની આર.સી.બુકની નકલ, અરજદારના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે તે તમામની હકીકતો ધ્યાનમાં લેતા અરજદાર મુદ્દામાલ વાહન **BAJAJ AUTO LTD** જે **BAJAJ RE CNG 4S FI** ના માલીક હોવાનું જણાય આવે છે. સદર મુદ્દામાલ વાહન **BAJAJ AUTO LTD** જે **BAJAJ RE CNG 4S FI** રોજબરોજ ઉપયોગમાં લેવાનું યાંત્રિક સાધન છે અને જો તે બિનઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેશે તો તેના સ્પેર, પાર્ટસ, સર્કિટ, ટાયર, ટયુબ વિગેરેને નુકશાન થાય તેમ છે જે ધ્યાને લેતા તેમજ નામદાર ઉચ્ચ અદાલતનો ચુકાદો એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો.પાના નં.૬૩૫, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાના સિધ્ધાંતોને પણ ધ્યાનમાં રાખતા મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે તે તમામ સંજોગોમાં મુદ્દામાલ વાહન **BAJAJ AUTO LTD** જે **BAJAJ RE CNG 4S FI** યોગ્ય રકમના બોન્ડ પોલીસ સ્ટેશને રજુ કર્યેથી તથા શરતોને આધિન અરજદારને કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમાં સુપ્રત કરવુ ન્યાયી જણાતુ હોઈ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની અરજી બી.એન.એસ.એસ.ની કલમ—૪૯૭ અન્વયે મંજુર કરી મુદ્દામાલ વાહન **BAJAJ AUTO LTD** જે **BAJAJ RE CNG 4S FI** કંપનીની જેનો રજીસ્ટ્રેશન **GJ-05-CV-7154** છે તથા ચેસીસ નં. **MD2B47XXPWE59672** છે તથા એન્જીન નં. **AZXWPE09812** છે તે મુદ્દામાલ અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી વચગાળાની કસ્ટડી તરીકે **અરજદાર રાવલ કાલીદિન ભદ્યુ, રહે. ૩૮૨, મહેક—૨ રેસીડન્સી, વ્રજ વિહાર ઈડ રોડ, સિવાણ, તા.ઓલપાડ, જી.સુરત**નાઓને નીચેની શરતોએ સુપ્રત કરવા હુકમ કરવામાં આવે છે.

**//શરતો//**

૧) અરજદારે મુદ્દામાલ કેસના આખરી નિર્ણય સુધી કોઈને ગિરો, બક્ષિસ કે વેચાણથી તબદીલ કરવુ, કરાવવુ નહિ.

૨) અરજદારે મુદ્દામાલના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહિ.

૩) અરજદારે મુદ્દામાલ જયારે કોર્ટ ફરમાવે ત્યારે રજુ કરવુ.

૪) અરજદારે મુદ્દામાલનો કોઈ ગુનાના કામે ઉપયોગ કરવો-કરાવવો નહી.

૫) તપાસ કરનાર અમલદારે ફોટા પાડી તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ કરવા.

હુકમ આજરોજ તા.૨૯ મી, માહે-જૂન, સને-૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સી.સીની.સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ00555